અપીલ અરજી નં.૨૨૭ તા.૨૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૭–૮–૦૯ નીઅરજીથી (૧) આઈ ડી નંબર ૩૫૮ માં જણાવવામાં આવેલ છે કે **BPMC** એકટની કલમ ૧૮૬,૨૬૩,૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે તો સુ.મ.પા. એ કેટલા ઉપર કાર્યવાહી કરી. (૨) રહેઠાણીક વિસ્તારમાં ચાલતા જરી ટવીસ્ટીંગ મશીનને **BPMC** એકટ કલમ–૨૬૮ લાગુ પડે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૭/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૭–૮–૦૯ નીઅરજીથી (૧) આઈ ડી નંબર ૩૫૮ માં જણાવવામાં આવેલ છે કે **BPMC** એકટની કલમ –૧૮૬,૨૬૩,૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે તો સુ.મ.પા. એ કેટલા ઉપર કાર્યવાહી કરી. (૨) રહેઠાણીક વિસ્તારમાં ચાલતા જરી ટવીસ્ટીંગ મશીનને **BPMC** એકટ કલમ–૨૬૮ લાગુ પડે કે કેમ? તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ.નં.૮૭૮ તા.૨૯–૯–૦૯થી આપેલ માહિતી સંતોષકારક નથી તથા સાચી ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૨ તા.૩૦–૧૦–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અરજી તથા મળેલ માહિતીની નકલ રજુ કરવા તથા આપેલ માહિતી પૈકી કઈ અધૂરી છે તે ખોટી છે. તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૭–૧૧–૦૯ ના રોજ મળેલ પત્ર સાથે આઈ ડી નં.૩૫૮ ની અરજી બાબતે તા.૬–૭–૦૯ ની મુળ અરજી ફી ભર્યાની વિગત તથા મળેલ માહિતીની વિગતો અત્રેના વિભાગને મળેલ છે. અને તા.૨૬–૫–૦૯ ની આઈ ડી નં.૧૮૨ અને ૧૮૩ મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતો તથા મળેલ માહિતીના પત્રો અને તા.૨૧–૧–૦૯ ની મળેલ માહિતીની નકલો પણ રજૂ કરેલ છે.પરંતુ મુળ અરજીના સંદર્ભે મળેલ માહિતીમાં કઈ માહિતી અધૂરી અને ખોટી છે તેની વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી અરજદારે આઈ ડી નં.૩૫૮ તા.૬–૭–૦૯ ની અરજીના અનુસંધાને કરવામાં આવેલ છે. તા.૬–૭–૦૯ ની અરજી આઈ ડી નં.૧૮૨ થી ૧૮૩ તા.૨૬–૫–૦૯ ના રોજ કરેલ અરજીના અનુસંધાને કરવામાં આવેલ છે. અને આઈ ડી નં.૧૮૨ અને ૧૮૩ આઈ ડી નં.૧૦૭૯ તા.૨૪–૧૨–૦૮ ના અનુસંધાને કરવામાં આવેલ છે. આમ અરજદારે તા.૨૪–૧૨–૦૮ ની અરજીથી વોર્ડ નં.૪ ની નિર્દિષ્ટ મિલ્કતો બાબતે આપેલ માહિતી બીપીએમસી એકટની ૩૧૩ મુજબની પરવાનગી તથા ગટર જોડાણની મંજુરી તથા બીયુસી ઉપલબ્ધ રકેર્ડ ચકાસતાં જણાવેલ નથી તેવી માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને તા.૨૬–૫–૦૯ ના રોજ અલાયદી આઈ ડી નં.૧૮૨ અને ૧૮૩ તા.૨૬–૫–૦૯ના રોજ અરજી કરી મળેલ જવાબ પરવાનગી વગર ચાલતાં કારખાના કેમીકલવાળુ પાણી ગટરમાં છોડવા બાબત અને વસવાટની પરવાનગી વગર વસવાટ બાબતે શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે આપેલ માહિતી આઈ ડી નં.૧૮૨,૧૮૩ થી આપેલ જવાબ રેકર્ડ ચકાસતાં કોઈ કાર્યવાહી ચાલી રહેલ નથી જેના સંદર્ભે તા.૬–૭–૦૯ ના રોજ અલાયદી અરજી કરી આપેલ જવાબ સંદર્ભે બીપીએમસી એકટની કઈ કઈ કલમ મુજબ કાર્યવાહી થઈ શકે તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે બીપીએમસી એકટની કલમ–૧૮૬,૨૬૩ અને ૨૬૮ મુજબની કાર્યવાહી કરી શકે તેવી માહિતી આપવામાં આવેલ.જેના સંદર્ભે અરજદારે આઈ ડી નં.૬૦૯ તા.૨૭–૮–૦૯ ના રોજ અલાયદી અરજી કરી મુદ્દા નં.૧ આઈ ડી નં.૩૫૮ માં જણાવવામાં આવેલ છે કે બીપીએમસી એકટની કલમ–૧૮૬,૨૬૩ અને ૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે તો સુરત મહાનગરપાલિકાએ કેટલા ઉપર કાર્યવાહી કરી તથા મુદ્દા નં.૨ રહેઠાણ વિસ્તારમાં ચાલતાં જરી ટીવીસ્ટીંગ મશીનને બીપીએમસી એકટની કલમ૨૬૮ લાગુ પડે હા કે ના તેની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૭૮ તા.૨૯–૯–૦૯ થી વોર્ડ નં.૪ ની નિર્દિષ્ટ મિલ્કત ૨૮૪,૨૯૪, ૩૬૦ ૩૫૨/બ, ૩૭૩, ૩૦૭, ૪૪૦ બાબતે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં બીપીએમસી એકટની કલમ ૧૮૬,૨૬૩ અને ૨૬૮ મુજબની કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તથા મુદ્દા નં.૨ રહેઠાણ વિસ્તારમાં વસવાટની પરવાનગી મેળવ્યા વગર ચાલતાં જરીના ટીવીસ્ટીંગ મશીનો વાળી મિલ્કતો ઉપર બીપીએમસી એકટની કલમ–૨૬૮ મુજબ કાર્યવાહી કરી શકાય તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરી માહિતી સંતોષકારક અને સાચી નથી તેવું જણાવી કલમ–૧૮૬,૨૬૩ અને ૨૬૮ મુજબ કાર્યવાહી કરી નથી શા માટે? ગટરમાં કેમીકલવાળુ પાણી છોડવામાં આવે છે તો બીપીએમસી એકટની કલમ–૧૮૬ પેટા કલમ–(છ અને ચ) મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી આવે છે તેમ છતાં કાર્યવાહી ન કરવામાં આવી શા માટે. રહેઠાણ વિસ્તારમાં કોઈ પણ નાગરિક અવાજ તેમજ ધ્રુજારી માટે કારખાના ચાલુ કરી ન શકે અને રહેઠાણવાળી મિલ્કતો ઉપયોગ રહેઠાણ સિવાય અન્ય ઉપયોગમાં ન લઈ શકે તેવું સુરત મહાનગરપાલિકાના

કમિશ્નરશ્રીને દૈનિક માધ્યમ સંદેશમાં તા.૧૨–૫–૦૭ ના રોજ જાહેર નોટીસ નં.પીઆરઓ/૭૬/૦૭–૦૮ તા.૧૧ –૫–૦૭ થી આપવામાં આવેલ અને તેમાં બીપીએમસી એકટની કલમ–૨૬૮ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવવામાં આવેલ. તેમ છતાં કાર્યવાહી શા માટે મુદ્દા નં.૨ માં રજૂઆત કરેલ છે કે રહેઠાણવાળા વિસ્તારમાં ચાલતાં જરી ટવીસ્ટીંગ મશીન ચલાવનારને બીપીએમસી એકટ ૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે કે નહીં અને મને જવાબ આપવામાં આવેલ છે જેમાં વસવાટની પરવાનગી મેળવ્યા વગર જરી ટીવીસ્ટીગ ચલાવનારને બીપીએમસી એકટ ૨૬૮ લાગુ પડે તેવી ખોટી માહિતી આપેલ છે. ખરેખર રહેઠાણ વાળી મિલ્કતનો ઉપયોગ રહેઠાણ સિવાય અન્ય ઉપયોગમાં ન લઈ શકાય અને ઉપયોગ કરે તો બીપીએમસી એકટની ૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે તેવું નોટીફીકેશન સુરત મહનગરપાલિકાના કમિશ્નરે નં.પીઆરઓ/૭૬/૦૭–૦૮ તા.૧૧–૫–૦૭ થી જાહેરનામું બહાર પાડેલ છે તે ધ્યાને લેવું તેવી રજૂઆત કરેલ છે. અરજદારે કરેલ સમગ્ર રજૂઆત મુળ અરજીથી અલાયદી પૂરક પ્રશ્નો અપીલ તબકકે ઉપસ્થિત કરીને કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગેની માહિતી બાબતે કરેલી રજૂઆત અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ –૦૯

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ,***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલરઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ